ક્રમાંક–૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **સરકારી વિધેયક**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. તુષારભાઇ ચૌધરી
(૨) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી હાર્દિક પટેલ
(૪) શ્રી અમિત ચાવડા
(૫) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૬) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૭) શ્રી ધવલસિંહ ઝાલા (પ્રવચન અધૂરું)

૨. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ ટેકો આપતા, તદનુસાર માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહનો સમય લંબાવ્યો.(બપોરના ૧૨–૦૦ કલાકે)

૩. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

માનનીય સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ પોતાનું અધુરું રહેલ પ્રવચન પૂરું કર્યું.

**(વિરામ બપોરના ૧૨–૦૫ થી ૧૨–૩૫)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી ત્રિકમ છાંગા
(૯) શ્રી હર્ષદભાઇ પટેલ
(૧૦) ડો.કિરીટકુમાર ચી. પટેલ
(૧૧) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૨) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૩) ડો.જયરામભાઇ ગામીત
(૧૪) શ્રી શૈલેષ પરમાર
(૧૫) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૧૬) શ્રી ઉદયભાઇ કાનગડ
(૧૭) ડો. સી.જે. ચાવડા
(૧૮) શ્રી અમૃતજી ઠાકોર

૪. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો વિધેયક પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, જેને કોંગ્રેસ પક્ષના સભ્ય ડો. સી.જે.ચાવડાએ ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહનો સમય લંબાવ્યો.(બપોરના ૨–૧૨ કલાકે)

૫. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૯) શ્રી ઉમેશ મકવાણા
(૨૦) શ્રી ભગાભાઇ બારડ

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

<u>કલમ  ૨ ઉપરનો સુધારો</u>

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ–૨ ઉપરનો  તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ–૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર  કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૨ વિધેયકનો ભાગ બની.

<u>કલમ  ૩ ઉપરનો સુધારો</u>

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ–૩ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ–૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ વિધેયકનો ભાગ બની.

**<u>કલમવાર વાચન</u>**

કલમ–૪ થી ૧૩ મત ઉપર મૂકવામાંઆવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૪ થી ૧૩ વિધેયકનો ભાગ બની.

કલમ–૧, ઇનેક્ટિંગ  ફોર્મ્યુલા  મત  ઉપર  મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૧, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

<u>પ્રસ્તાવનામાં સુધારો</u>

મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે  પ્રસ્તાવના ઉપરનો  સુધારો રજૂ કર્યો.

સુધારો મત ઉપર મૂકવામાંઆવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

દીર્ઘસંજ્ઞા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

દીર્ઘસંજ્ઞા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ,  બીજી બેઠક માટે બપોરના ૩–૪૦ વાગ્યે**

**ફરી મળવા માટે બપોરના ૨–૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**

**સભાગૃહ બપોરના ૩–૪૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૮મી, ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮થી ૭૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪–૪૦ કલાકે પૂરો થયો.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા.૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્ય ગેનીબેન ઠાકોર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી જિજ્ઞેશ મેવાણી, ડો. કિરીટકુમાર ચી. પટેલ, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી શૈલેષ પરમાર, શ્રી અર્જુનભાઇ મોઢવાડીઆ, શ્રી અરવિંદભાઇ લાડાણી, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ચિરાગકુમાર પટેલ, શ્રી અમિત ચાવડા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી મહેશ કસવાલા
(૨) શ્રી પ્રવિણકુમાર માળી
(૩) શ્રી રમણલાલ વોરા
(૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૫) શ્રી પૂર્ણેશ મોદી
(૬) શ્રી રમણલાલ પાટકર(પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫–૪૦થી ૬–૧૦)**

વિરામ બાદ સભ્યશ્રી રમણલાલ પાટકરે અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી કાંતિલાલ અમૃતિયા
(૮) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૯) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૦)શ્રી ઉમેશ મકવાણા
(૧૧) શ્રી ભરતભાઇ પટેલ
(૧૨) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૩) શ્રી અનંતભાઇ પટેલ
(૧૪) શ્રી સુખાજી ઠાકોર
(૧૫) શ્રી પી.સી. બરંડા
(૧૬) શ્રી ત્રિકમ છાંગા
(૧૭) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૮) ડો.હસમુખ પટેલ
(૧૯) શ્રી જિતેન્દ્રકુમાર પટેલ
(૨૦) શ્રી હર્ષ સંઘવી(રા.ક.ના ગૃહ મંત્રીશ્રી)

**સભાગૃહ, બુધવાર તા ૧લી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે રાત્રિના ૮–૧૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.